આંકલાવ તરફ પાંચ પિયર ઉભા થયા, નવા બ્રિજમાં કુલ ૨૨ પિયર બનશે

600 શ્રમયોગીઓના દિનરાત પરિશ્રમથી ગંભીરા પૂલનું કામ 25 ટકા પૂર્ણ થયું

ચાર મેટ મશિન ઉપરાંત પાંચ ક્રેઇન, ૮ હાઇડ્રો મશિન, ૯ હિટાચી, ૬ ડમ્પર, ૪ જેસીબી સહિતના મશીનોનો ઉપયોગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

વડોદરા અને આણંદને જોડતા મુજપુર - ગંભીરા બ્રિજ તૂટી પડવાની ઘટના બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે તત્કાલ નવો પૂલ બનાવવા આપેલી સૂચનાનું તાબડતોબ અમલીકરણ થઇ રહ્યું છે. મહી નદી પર, ઉપરવાસમાં જૂના પૂલની સમાંતર નવો પૂલ બની રહ્યો છે. આ પૂલનું ૨૫ ટકા જેટલું કામ પૂર્ણ થઇ ગયું છે. આંકલાવ તરફ પાંચ પિયર બનવાની તૈયારી છે. મહી નદીના કિનારે અને અંદર પિયરના પાયા નાખવા માટે માર્ગ અને મકાન વિભાગ દ્વારા ચાર મેટ મશિન કામે લગાડવામાં આવ્યા છે. આ મશિન દ્વારા પાયાનું ખોદાણ કરવામાં આવે છે. એક પિયર માટે નવ પાઇલ નાખવામાં આવે છે. નવ પાઇલ ઉપર એક પિયર બનશે. નદીની અંદર ૩૭થી ૪૫ મિટર ઉંડાઇએ કડક જમીન મળે છે. એટલે આ નવ પાઇલ ૩૭થી ૪૫ મિટર ઉંડાઇથી નાખવામાં આવે છે. પૂલ તૂટવાને કારણે લોકોને પડતી મુશ્કેલી ધ્યાને રાખીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે તત્કાલ નવા બ્રિજ બનાવવા માટે મંજૂરી આપી હતી. રૂ. ૧૮૦ કરોડના ખર્ચથી ૯૬૫ મિટર લંબાઇ, ૧૭ મિટરની ઉંચાઇ અને ૩૭ મિટર પહોળાઇનો નવો બ્રિજ બનાવવા માટેની કામગીરી ચાલી રહી છે. આગામી સપ્ટેમ્બર માસ સુધીમાં આ કામગીરી પૂર્ણ કરવાના ધ્યેય સાથે માર્ગ અને મકાન વિભાગ દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે. ચાર મેટ મશિન ઉપરાંત પાંચ ક્રેઇન, ૮ હાઇડ્રો મશિન, ૯ હિટાચી, ૬ ડમ્પર, ૪ જેસીબી સહિતના મશીનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. વિશેષ વાત તો એ છે કે પૂલના બન્ને છેડા ઉપરથી કામ ચાલી રહ્યું છે. કામ શરૂ થયું ત્યારે ૨૦૦ શ્રમયોગીઓ કામ કરતા હતા. પણ પૂલનું કામ ઝડપથી પૂર્ણ કરવાનું હોવાથી હવે ૬૦૦ જેટલા શ્રમયોગીઓ કામ કરી રહ્યા છે. અરબી સમુદ્રમાં આવતી ભરતી-ઓટના કારણે મહી નદીના પ્રવાહમાં થતી વધઘટના પડકારનો સામનો કરવા માટે અંદર માટીના પાળા ઉભા કરવામાં આવ્યા છે. એના અંદર નદીના પ્રવાહ માટે નાળા મૂકવામાં આવ્યા છે. જેથી પાણીનો પ્રવાહમાંથી પસાર થઇ શકે. પૂલ બનાવવા માટે કાટ વિરોધી કોટિંગ સાથેના સળિયાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. કુલ ૨૨ પિયર બનાવવામાં આવશે. મુખ્યમાર્ગથી નદીની અંદર જ્યાં કામ ચાલી રહ્યું છે, તે ભાગની ઉંડાઇ વધુ હોવાથી ત્યાં સુધી સામાન લઇ જવાનું કામ કપરૂ છે.

વડોદરામાં આજે ચાર જિલ્લાનો મેગા ક્લસ્ટર કક્ષાનો રોજગાર ભરતી મેળો યોજાશે

વડોદરા : ગુજરાત સરકારના રોજગાર અને તાલીમ નિયામકની કચેરી, ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, વડોદરા દ્વારા આવતીકાલે તા. ૦૬/૦૧/૨૦૨૬ (મંગળવાર) ના રોજ એક ભવ્ય 'ક્લસ્ટર કક્ષાના રોજગાર અને એપ્રેંટિસ ભરતી મેળા'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ ભરતી મેળો વડોદરા સ્થિત તરસાલી આઈ.ટી.આઈ. કેમ્પસ ખાતે આવેલી મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરી ખાતે સવારે ૦૮:૦૦ થી સાંજના ૪:૦૦ કલાક દરમિયાન યોજાશે. આ રોજગાર અને એપ્રેંટિસ ભરતી મેળામાં વડોદરા ઉપરાંત છોટાઉદેપુર, ખેડા અને આણંદ એમ કુલ ચાર જિલ્લાના ઉમેદવારો ભાગ લઈ શકશે. આ આયોજનમાં અંદાજે ૫૦ થી વધુ નામાંકિત નોકરીદાતાઓ (એમ્પ્લોયર્સ) ઉપસ્થિત રહીને આશરે ૫,૦૦૦ જેટલા યુવા ઉમેદવારોનું ઈન્ટરવ્યુ લેશે અને રોજગારી તેમજ એપ્રેંટિસશીપની તકો પૂરી પાડશે.

શક્તિનાથ મહાદેવ ગ્રાઉન્ડ ખાતે અનિશ્ચિતકાળીન ઉપવાસની જાહેરાત

ભરૂચની ઐતિહાસિક જામા મસ્જીદ અંગે વિવાદ વકર્યો

(પ્રતિનિધિ) ભરૂચ, તા.5

ભરૂચ શહેરના કેન્દ્રમાં સ્થિત ઐતિહાસિક જામા મસ્જીદ, જે પુરાતત્વ વિભાગના અધિકારક્ષેત્રમાં આવે છે અને રાષ્ટ્રીય ધરોહર તરીકે ઓળખાય છે, તેના મૂળ સ્વરૂપ અને ઈતિહાસને લઈને તાજેતરમાં વિવાદ વધુ તીવ્ર બન્યો છે. કેટલાક સનાતન ધર્મના સંતો અને સમર્થકો દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે આ સ્થળ મૂળરૂપે 'સમડી વિહાર' નામનું જૈન મંદિર અને શ્રી ચક્રધર સ્વામીનું જન્મસ્થળ છે. આ મુદ્દે વિરોધ પ્રદર્શન અને અનિશ્ચિતકાળીન ઉપવાસની જાહેરાત કરવામાં આવી છે.રોકડિયા હનુમાન મંદિર ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં સત કેવલ સંપ્રદાયના અવિચલદાસ મહારાજ,સ્વામી મુક્તેશ્વરાનંદજી, સ્વામી રાજરાજેશ્વરજી મહારાજ અને સ્વામી રાધેન્દ્રદાસજી જેવા સંતોએ આ અંગે તેમના વિચારો વ્યક્ત કર્યા હતા. તેઓએ જણાવ્યું કે આ રાષ્ટ્રીય ધરોહર પર લાંબા સમયથી નિયમોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે અને તેની ઐતિહાસિક ઓળખને બદલવાના પ્રયાસો થઈ રહ્યા છે. તેઓની મુખ્ય માંગ છે કે પુરાતત્વ વિભાગ દ્વારા કડક પગલાં લેવામાં આવે અને સ્થળને તેના કથિત મૂળ સ્વરૂપમાં પુનઃસ્થાપિત કરવામાં આવે.બીજી તરફ, આ વિવાદના પાર્શ્વભૂમિમાં ઐતિહાસિક તથ્યોને જોતા, ભરૂચ જિલ્લાની સત્તાવાર વેબસાઈટ અનુસાર, જામા મસ્જીદ 14મી સદીમાં બાંધવામાં આવી હતી અને તેમાં પ્રાચીન જૈન મંદિરના અવશેષોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમ છતાં, તેને મસ્જીદની પરંપરાગત શૈલીમાં જ બાંધવામાં આવી હતી, જેમાં સ્થાનિક કારીગરોનું યોગદાન હતું. આર્કિટેક્ચરમાં 48 સ્તંભો, ત્રણ મિહરાબ અને ગુંબજોનો સમાવેશ છે, જેમાં કેટલાક તત્વો મંદિરોમાંથી લેવામાં આવ્યા હતા. શ્રી ચક્રધર સ્વામી, જેઓ મહાનુભાવ પંથના સ્થાપક હતા, તેમનું જન્મસ્થળ ભરૂચમાં જ છે તેવું વિવિધ સ્ત્રોતોમાં ઉલ્લેખ છે, જેમ કે વિકિપીડિયા અને અન્ય ઐતિહાસિક દસ્તાવેજોમાં તેઓ ગુજરાતી બ્રાહ્મણ પરિવારમાં જન્મ્યા હતા અને તેમના જન્મસ્થળને 'રાજમઠ' તરીકે પણ ઓળખવામાં આવે છે. જો કે, આ જન્મસ્થળ જામા મસ્જીદના સ્થળ પર જ છે તેવો કોઈ સ્પષ્ટ પુરાવો ઉપલબ્ધ નથી.

કામદારોના શોષણ સામે આક્રોશ વ્યક્ત કરી વિરોધ નોધાવ્યો

ઝઘડિયાની નાઈટ્રેક્સ કંપનીમાં શ્રમિકોના હિતાર્થે ધારાસભ્ય ચૈતર વસાવાના ધરણા

13 પડતર માંગણીઓ સાથે પગાર વધારો અને સુરક્ષા સાધનો તથા કાયમી કરવાની માગણી સાથે મોડી સાંજ સુધી વિરોધ પ્રદર્શન યથાવત

(પ્રતિનિધિ) ભરૂચ, તા.5

ભરૂચ જિલ્લાના ઝઘડિયા GIDCમાં આવેલી નાઈટ્રેક્સ કેમિકલ કંપનીમાં કામદારોના થતા શોષણ તથા 13 જેટલી વિવિધ માંગણીઓને લઈને આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા શ્રમિકોના સમર્થનમાં કંપનીના મુખ્ય ગેટ પર ધરણા પર બેસી આ મુદ્દો વધુ ગરમાયો છે. ઝઘડિયા GIDC વિસ્તારમાં કામદારોના શોષણની ફરિયાદો વારંવાર ઉઠતી રહે છે, પરંતુ નાઈટ્રેક્સ કંપનીના કિસ્સામાં પરિસ્થિતિ વણસતા શ્રમિકોએ આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. કામદારોની મુખ્ય માંગણીઓમાં 3 વર્ષથી વધુ સમયથી ફરજ બજાવતા શ્રમિકોને કાયમી કરવા, ઓવર ટાઈમનું ડબલ વેતન ચૂકવવું અને અનુભવના આધારે પગાર ધોરણ નક્કી કરવાનો સમાવેશ થાય છે. શ્રમિકોએ માગ કરી છે કે 3 થી 5 વર્ષના અનુભવીઓને 20,000, 5 થી 10 વર્ષના અનુભવીઓને 25,000 અને 10 વર્ષથી વધુ અનુભવ ધરાવતા કામદારોને 30,000 માસિક પગાર આપવામાં આવે. આ ઉપરાંત ગ્રેજ્યુટી, મેડિક્લેમ, રજાઓ અને 8.33% બોનસની સાથે પી.એફ. પેટે કંપનીના 13% અને શ્રમિકના 12% હિસ્સાની માંગણી કરવામાં આવી છે. સુરક્ષાના મુદ્દે પણ ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે, જેમાં નવા કામદારોને તાત્કાલિક સેફ્ટી કિટ આપવી અને દર 6 મહિને સેફ્ટી શૂઝ પૂરા પાડવાની વાત છે. વધુમાં, ઓપરેટરો પાસે હાઉસ કીપિંગ, ગટર સાફ સફાઈ કે કલર કામ જેવી કામગીરી ન કરાવવા અને પ્લાન્ટમાં ઝેરી ગેસ કે મશીનરીની ખામી સર્જાય ત્યારે તુરંત પ્લાન્ટ બંધ કરી જરૂરી પગલાં લેવાની માગ કરાઈ છે.

સ્વામી મહારાજના પ્રાગટય સ્થાનન દર્શન કરી ધન્યતા અનુભવી

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી સાવિત્રી બહેન નારાયણ સરોવરની મુલાકાતે

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

બી એ પી એસ સંસ્થા ના વડા મહંત સ્વામી મહારાજની ૯૨ મી જન્મ જયંતી નિમિત્તે વડોદરા શહેરમાં સુરસાગર ખાતે બાળ બાલિકાઓ દ્વારા યોજાયેલ વિશ્વ શાંતિ મહાયજ્ઞમાં પધારેલા ભારત સરકાર ના માનનીય મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રીમતી સાવિત્રી બહેન ઠાકુર સંસ્થા ના બાળકો થી અત્યંત પ્રભાવિત થયા હતા. તદુપરાંત સંસ્થા ને વિશ્વ ફલક પર પહોચાડનાર પરમ પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ નું પ્રાગટય સ્થાન ચાણસદ અહીં થી નજીક માં જ છે તેવું જાણતા જ તેઓ અતિ વ્યસ્ત કાર્યક્રમ માં થી સમય ની અનુકૂળતા કરી ખાસ ચાણસદ પધાર્યા હતા જ્યાં તેઓ એ પ્રમુખ સ્વામી મહારાજના પ્રાગટય સ્થાનન દર્શન કરી ધન્યતા અનુભવી હતી તથા નારાયણ સરોવરની મુલાકાત કરી અભિભૂત થયા હતા.

વડોદરામાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું વેચાણ કરતા બે ઈસમો 10 નંગ રીલ સાથે ઝડપાયા

વડોદરા : વડોદરા શહેરમાં આગામી 14 જાન્યુઆરીના રોજ ઉજવાતો મકરસંક્રાંતિ ના પર્વ પર શહેરીજનો દ્વારા પતંગ ઉડાવવામાં આવે છે. જે પતંગ ઉડાવવા માટે પ્રતિબંધિત ચાઈનીઝ ધારદાર દોરીનો ઉપયોગ કરવામાં આવે છે. જે વ્યક્તિના શરીરને સ્પર્શ થાય તો મોટા ચીરાઓ પડી જતા હોય છે, જે વ્યક્તિના ગળાના ભાગે વાગે તો વ્યક્તિનું મૃત્યુ પણ થઈ શકે છે. સાથે આ ધારદાર દોરી અબોલા પક્ષીઓ માટે પણ હાનિકારક હોય છે. જેથી તેનું વેચાણ કરવું એ એક ગુનો બને છે. ત્યારે વડોદરા શહેર ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા તથા પોલીસ ઈન્સ્પેક્ટર એચ.ડી.તુવેર અને પોલીસ ઈન્સ્પેક્ટર એન.જી.જાડેજા ની દેખરેખ હેઠળ ચાઈનીઝ દોરીનો જથ્થો રાખી વેચાણ કરતા ઈસમોની શોધમાં હોય ત્યારે વાઘોડિયા રોડ જય અંબે નગર ના નાકા પાસેથી ધારદાર ચાઈનીઝ દોરાનું વેચાણ કરતા બે ઈસમોને 10 નંગ રીલ સાથે ઝડપી પાડવામાં આવ્યા છે.

૨૬મી જાન્યુઆરી-પ્રજાસત્તાક દિનની તૈયારીઓ

ટીંબી તાલુકા સેવા સદન ખાતે ઉજવણી માટે વિવિધ સમિતિઓની રચના કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

વડોદરા જિલ્લામાં આગામી ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૬ પ્રજાસત્તાક દિનની જિલ્લા કક્ષાની ઉજવણી વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકાના ટીંબી તાલુકા સેવા સદન ખાતે યોજાનાર છે. આ ઉજવણી સુચારુ, શિસ્તબદ્ધ તથા ભવ્ય રીતે આયોજન કરવા માટે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે. પ્રજાસત્તાક દિનના કાર્યક્રમોની પૂર્વ તૈયારીઓ, કાર્યક્રમ વ્યવસ્થા, મંચ વ્યવસ્થા, પરેડ, સુરક્ષા, આમંત્રણ, પ્રચાર-પ્રસાર, સ્વચ્છતા, આરોગ્ય, પીવાનું પાણી, વીજળી, ટ્રાફિક વ્યવસ્થા સહિત વિવિધ જવાબદારીઓ યોગ્ય રીતે નિભાવવામાં આવે તે હેતુસર આ સમિતિઓનું ગઠન કરવામાં આવ્યું છે. જેમાં મુખ્ય સંકલન સમિતિ દ્વારા પ્રજાસત્તાક દિનના સમગ્ર કાર્યક્રમનું સંકલન, માર્ગદર્શન તથા દેખરેખ અને મહાનુભાવો, જનપ્રતિનિધિઓને આમંત્રણ, પ્રોટોકોલ અનુસાર વ્યવસ્થા તથા લોકાર્પણ અને વિકાસના કામોના ચેક વિતરણ, વિશિષ્ટ સિધ્ધિ મેળવનારની યાદી તૈયાર કરવા સહિતની કામગીરી કરવામાં આવશે. મંચ અને કાર્યક્રમ વ્યવસ્થા સમિતિ દ્વારા મુખ્ય મંચની તૈયારીઓ, માઇકની વ્યવસ્થા, વીજ પુરવઠો, બેઠકોની વ્યવસ્થા કરશે. સ્વચ્છતા અને સુશોભન સમિતિ દ્વારા કાર્યક્રમ સ્થળ તથા આસપાસ સ્વચ્છતા જાળવવી, સજાવટ અને સૌંદર્યકરણ કરવાની જવાબદારી સહિત મોબાઇલ ટોઇલેટની વ્યવસ્થા અને ફાયર સલામતીની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવશે.

વડોદરાની એડવર્ટાઈઝિંગ એજન્સી "અમી એડ્સ વ્યૂ"ને ગોલ્ડ એવોર્ડ એનાયત

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

અમદાવાદ ખાતે તા. 4 જાન્યુઆરી, 2026ના રોજ અમદાવાદ એડવર્ટાઈઝિંગ સર્કલ એસોસિએશન (AACA) દ્વારા YMCA - અમદાવાદ ખાતે AACA Media Awards 2026નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ સમારોહમાં સમગ્ર ગુજરાતમાંથી 350થી વધુ એન્ટ્રીઓ આવેદન કરવામાં આવી હતી. આ સ્પર્ધામાં મધ્ય ગુજરાતમાંથી વડોદરાની "અમી એડ્સ વ્યૂ" એડવર્ટાઈઝિંગ એજન્સીને ઉત્તમ કામગીરી બદલ ગોલ્ડ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે આ પ્રકારનો એવોર્ડ ગુજરાતમાં પ્રથમવાર આયોજિત કરવામાં આવ્યો હતો. સમગ્ર મધ્ય ગુજરાતમાંથી એકમાત્ર "અમી એડ્સ વ્યૂ - વડોદરા"ને આ પ્રતિષ્ઠિત એવોર્ડ પ્રાપ્ત થવાથી વડોદરા એડવર્ટાઈઝિંગ સર્કલમાં આનંદ અને ગૌરવની લાગણી જોવા મળી રહી છે. એવોર્ડ સમારોહમાં ગોલ્ડ એવોર્ડ મેળવનાર સંસ્થાના સંચાલક ચિરાગભાઈ શાહ અને દિલીપભાઈ શાહને વિશેષ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે "અમી એડ્સ વ્યૂ" સંસ્થા છેલ્લા ચાર દાયકાથી સક્રિય રીતે કાર્યરત છે, જેની સ્થાપના સ્વ. શ્રી પ્રવિણભાઈ શાહ દ્વારા અખૂટ મહેનત અને દ્રષ્ટિ સાથે કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના સંચાલકોએ AACAના પ્રમુખ મનીષભાઈ ગાંધીનો હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો.

આજે હઝરત સૈયદ જાફર શહિદ બાવાના ઉર્સની ઉજવણી કરાશે

વડોદરા : સૈયદ જાફર શહિદ કબ્રસ્તાન ના જ.સેક્રેટરી સૈયદ અમીન એક અખબારી યાદીમાં જણાવે છે કે વડોદરા ની મધ્યમાં પાણીગેટ, રાજા-રાણી તળાવ ના કિનારે આવેલ (ઐતિહાસીક) શાહી કબ્રસ્તાન કે જે હઝરત જાફર શહિદ (ર.અ.) બાવા સાહેબ ના નામથી ઓળખાય છે.

હઝરત સૈયદ જાફર શહિદ બાવા ના ઉર્સ મુબારક તા. ૦૬/૦૧/૨૦૨૬ (મંગલવાર) ના રોજ હોવા થી સંદલ સાંજે ૫-૦૦ કલાકે પાણીગેટ, બાવામાનપુરા, હજીરા પાસે થી નીકળી સૈયદ જાફર શહિદ બાવાના મઝાર શરીફ પર પહોંચશે.સંદલ બાદ નમાઝે મગરીબ સમય ૭-૦૦ કલાકે સાંજે (જાનશીને મોઈને મિલ્લત) હઝરત મૌલાના કારી સૈયદ અમીરૂદ્દીન સયફુલ્લાહ બાબા સાહબ તથા (શેહઝાદ-એ-મોઈને મિલ્લત) હઝરત સૈયદ કબીરૂદ્દીન ગૌપુલ્લાહ બાબા સાહબ ઉર્ફે જુમ્મા મસ્જીદવાળા પીર બાબા ના હસ્તે સંદલ, ચાદર અને ગુલપોશી વિધિ બાદ સલાતો સલામ સાથે દુઆ ગુજારવામાં આવશે.

કર્મચારીઓની સમય સૂચકતાથી મોટી દુર્ઘટના ટળી

વડોદરા કલેક્ટર કચેરીના પાર્કિંગમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી

(પ્રતિનિધિ) વડોદરા, તા.5

વડોદરા શહેરની નવીન કલેક્ટર કચેરીના પાર્કિંગ વિસ્તારમાં આજે બપોરના સમયે શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાની ઘટના સામે આવી હતી. જોકે, કચેરીમાં હાજર કર્મચારીઓ અને નાગરિકોની સમયસૂચકતા અને ત્વરિત કાર્યવાહીના કારણે મોટી દુર્ઘટના ટળી હતી અને આગ પર તુરંત કાબૂ મેળવી લેવાયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, આગ પાર્કિંગ વિસ્તારમાં કોઈક ઈલેક્ટ્રિકલ વાયરિંગમાં શોર્ટ સર્કિટ થવાથી લાગી હતી. ધુમાડો જોઈને કચેરીમાં હાજર લોકોનું ધ્યાન દોરાયું હતું અને હાજર નાગરિકોએ ગભરાયા વગર હિંમત દાખવી હતી.

તાત્કાલિક ધોરણે કચેરીમાં ઉપલબ્ધ અગ્નિશમન સાધનો (ફાયર એક્સટિંગ્યુશર) નો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સમયસર અને અસરકારક પ્રયાસોના કારણે થોડી જ મિનિટોમાં આગને કાબૂમાં લેવામાં સફળતા મળી હતી. આ બનાવમાં કોઈ જાનહાનિના સમાચાર નથી.

નીલકંઠ ઇન્ફ્રાના બેદરકાર સંચાલકો સામે કડક કાર્યવાહીની માંગ

સયાજી હોસ્પિટલમાં નિર્માણાધીન નવી ઈમારત પર સુરક્ષા સાધનો વગર જ કામ કરતા મજૂરો

(પ્રતિનિધિ), વડોદરા. તા.5

ગુજરાતની સૌથી મોટી અને પ્રતિષ્ઠિત સરકારી હોસ્પિટલો પૈકીની એક, વડોદરાની સયાજી જનરલ હોસ્પિટલના કેમ્પસમાં ચાલી રહેલા બાંધકામમાં શ્રમિકોની સુરક્ષા સાથે ગંભીર ચેડાં થતા હોવાનો મામલો સામે આવ્યો છે. હોસ્પિટલમાં નિર્માણાધીન નવી ઈમારત પર કામ કરી રહેલા મજૂરો જરૂરી સુરક્ષા સાધનો વગર જ કામ કરતા જોવા મળ્યા હતા, જે સંચાલક એજન્સી નીલકંઠ ઈન્ફ્રાની ઘોર બેદરકારી અને શ્રમ કાયદાના ઉલ્લંઘન તરફ સ્પષ્ટ ઈશારો કરે છે. બાંધકામ સ્થળે કામ કરતા શ્રમિકોએ હેલ્મેટ, સેફ્ટી બેલ્ટ, ગ્લોઝ, અને સેફ્ટી નેટ જેવા અતિ આવશ્યક સુરક્ષા સાધનો પહેર્યા નહોતા. ઊંચાઈ પર કામ કરતી વખતે સેફ્ટી બેલ્ટનો ઉપયોગ ફરજિયાત હોય છે, તેમ છતાં મજૂરો પોતાના જીવના જોખમે નિર્ભયતાથી કામ કરી રહ્યા હતા. આ સ્થિતિ સંચાલક એજન્સી નીલકંઠ ઈન્ફ્રા દ્વારા શ્રમ કાયદા અને બિલ્ડિંગ કોન્ટ્રાક્ટમાં સમાવિષ્ટ સુરક્ષાના ધોરણોની સરેઆમ અવગણના દર્શાવે છે.

શ્રમિકોની સુ રક્ષાને લગતા કાયદાઓ મુજબ, દરેક બાંધકામ સ્થળે શ્રમિકોને પૂરતા સુરક્ષા સાધનો પૂરા પાડવા અ ને તેમનો ઉપયોગ થાય તેની ખાતરી કરવી એ કોન્ટ્રાક્ટરની પ્રાથમિક જવાબદારી છે. આ ગંભીર બેદરકારી સામે શહેરના એક જાગૃત સામાજિક કાર્યકરે સખત વિરોધ નોંધાવ્યો છે અને તંત્ર સમક્ષ તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી છે. સામાજિક કાર્યકરનું કહેવું છે કે, નીલકંઠ ઈન્ફ્રાના સંચાલકોએ જાણે કાયદા-કાનૂનના નિયમોને ઘોળીને પી ગયા હોય તેમ લાગે છે, કારણ કે તેઓ શ્રમિકોના જીવનને જોખમમાં મૂકીને કામ કરાવી રહ્યા છે. તેમણે માગણી કરી છે કે, નીલકંઠ ઈન્ફ્રાના બેદરકાર સંચાલકો વિરુદ્ધ કાયદાકીય જોગવાઈઓ મુજબ યોગ્ય શિક્ષાત્મક પગલાં લેવામાં આવે તેવી લોકમાંગ પણ ઉઠી છે.

અમૃત ભારત યોજનાથી દાહોદ રેલવે સ્ટેશનની કાયાપલટ

સાંસદના પ્રયાસોથી રેલવે ક્ષેત્રે દાહોદને કેન્દ્રમાં સ્થાન, વંદે ભારત અને સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાત માટે નવી ટ્રેનોની માંગ ઉઠી

(પ્રતિનિધિ) દાહોદ, તા.5

રતલામ મંડળમાં સમાવિષ્ટ અને બે રાજ્યોની સરહદે આવેલું દાહોદ શહેર હવે રેલવે સુવિધાઓના મામલે નોંધપાત્ર રીતે આગળ વધી રહ્યું છે. અમૃત ભારત યોજના અંતર્ગત દાહોદ રેલવે સ્ટેશનની કાયાપલટ થતાં મુસાફરોને આધુનિક સુવિધાઓ મળી રહી છે. મેમુ અને ઈન્ટરસિટી જેવી ટ્રેનો ગરીબ અને મધ્યમ વર્ગ માટે લાઈફલાઈન બની છે અને તેના કારણે રેલવેને પણ નોંધપાત્ર આવક થઈ રહી છે. હાલ દાહોદ રેલવે સ્ટેશન પરથી 85થી વધુ ટ્રેનો પસાર થાય છે, જેમાંથી 45થી વધુ ટ્રેનો દાહોદ ખાતે રોકાણ કરે છે. રાજધાની, દુરંતો, સુપરફાસ્ટ, મેલ-એક્સપ્રેસ, મેમુ અને ઈન્ટરસિટી જેવી ટ્રેનોનો સમાવેશ થાય છે. તેમ છતાં દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર તરફની રેલ કનેક્ટિવિટી હજુ અપૂરતી હોવાનું જિલ્લાવાસીઓ માને છે. મધ્યપ્રદેશના અલીરાજપુર, ઝાબૂઆ, ધાર અને રાજસ્થાનના બાંસવાડા સહિતના વિસ્તારોમાંથી આદિવાસી શ્રમિકો રોજગાર માટે દાહોદ આવે છે. પરંતુ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત માટે સીધી ટ્રેનો ન હોવાને કારણે મોટા ભાગે એસટી બસ પર નિર્ભર રહેવું પડે છે.દાહોદ-અમદાવાદ વચ્ચે મેમુ ટ્રેન, તેમજ દાહોદ-રાજકોટ, ભાવનગર માટે ઈન્ટરસિટી ટ્રેન શરૂ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. સાથે જ ઈન્દોર-અમદાવાદ, ઈન્દોર-સુરત અથવા ઈન્દોર-મુંબઈ રૂટ પર વંદે ભારત જેવી પ્રીમિયમ ટ્રેન શરૂ કરી દાહોદ ખાતે સ્ટોપેજ આપવામાં આવે તેવી સમયની માંગ બની છે.

જંક્શન બનવાની દિશામાં દાહોદ

આગામી સમયમાં ઇન્દોર-દાહોદ રેલમાર્ગ શરૂ થતાં જ દાહોદ જંક્શનની શ્રેણીમાં આવશે. એશિયાનું સૌથી મોટું કારખાનું અને સિમેન્સનું રેલવે પ્રોડક્શન યુનિટ શરૂ થયા બાદ દાહોદનું રેલવે નકશા પર મહત્વ વધ્યું છે. દિનપ્રતિદિન ઉચ્ચ અધિકારીઓ, વીઆઈપી અને ઉદ્યોગકારો દાહોદ આવી રહ્યા છે.

સાંસદના પ્રયાસોથી આશા

દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરના પ્રયાસોથી અનેક ટ્રેનોના સ્ટોપેજ દાહોદને મળ્યા છે અને રેલવેમાં દાહોદને કેન્દ્રમાં પ્રાધાન્ય મળ્યું છે. જોકે કોરોનાકાળ દરમિયાન બંધ થયેલી કેટલીક ટ્રેનો હજુ શરૂ ન થતાં અને કેટલીક ટ્રેનોના સ્ટોપેજ હટાવાતા મુસાફરોમાં નારાજગી છે. જિલ્લાવાસીઓનું માનવું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દાહોદ પ્રત્યેની વિશેષ દ્રષ્ટિના કારણે મોટા પ્રોજેક્ટો મળ્યા છે. હવે જો વંદે ભારત, મેમુ અને ઇન્ટરસિટી જેવી વધુ ટ્રેનો દાહોદને મળે તો દક્ષિણ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર માટે રેલ કનેક્ટિવિટી મજબૂત બનશે, મુસાફરોને રાહત મળશે અને રેલવેના રેવન્યુમાં પણ વધારો થશે.

કાર્યવાહી માટે કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

ઝઘડિયામાં ખનીજ માફિયાઓ અને પ્રદૂષણ ફેલાવતા સિલિકા પ્લાન્ટ્સ સામે સ્થાનિકોમાં રોષ વ્યાપ્યો

કલેક્ટર અને SPને પાઠવ્યું આવેદનપત્ર

(પ્રતિનિધિ) ભરૂચ, તા.5

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાં ખનીજ માફિયાઓ અને પ્રદૂષણ ફેલાવતા સિલિકા પ્લાન્ટ્સ સામે સ્થાનિક નાગરિકોએ રણશિંગુ ફૂંક્યું છે. ગેરકાયદે ખનન અને પર્યાવરણના વિનાશ સામે આજે જાગૃત નાગરિકોએ કલેક્ટર અને જિલ્લા પોલીસવડાને આવેદનપત્ર પાઠવ્યું છે.ઝઘડિયા તાલુકાના આમોદ, રાજપારડી અને ભીમપોર વિસ્તારમાં લાંબા સમયથી ચાલી રહેલા ગેરકાયદેસર ખનન અને બેફામ પ્રદૂષણ સામે હવે જનતા મેદાનમાં આવ્યા છે. સ્થાનિકોનો આરોપ છે કે 'સિન્ડિકેટ' દ્વારા ચાલતી આ પ્રવૃત્તિઓથી આદિવાસી અને મધ્યમવર્ગીય પરિવારોની રોજગારી છીનવાઈ રહી છે. GMDC-આમોદ વિસ્તારમાં લિગ્નાઇટ માટે ફાળવેલી જમીન પર ખાનગી કંપનીઓ દ્વારા સિલિકા સેન્ડનું ખનન કરી બંધારણીય જોગવાઈઓ અને 'પેસા એક્ટ' નું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું છે. સિલિકા વોશિંગ પ્લાન્ટ્સ દ્વારા હવામાં ઝેરી રજકણો અને જમીનમાં કેમિકલયુક્ત પાણી છોડવામાં આવે છે, જેનાથી સ્થાનિકો અને પશુ-પક્ષીઓના સ્વાસ્થ્ય પર જોખમ ઉદ્ભવ્યું છે.આવેદનમાં ગંભીર આક્ષેપ કરાયો છે કે જો કોઈ આ પ્રવૃત્તિ સામે અવાજ ઉઠાવે, તો ખનીજ માફિયાઓ દ્વારા તેમને 'ગાડી ચડાવી દઈ જાનથી મારી નાખવાની' ધમકી ઉચ્ચારવામાં આવે છે.અને સ્થાનિક ટ્